# શ્રી પદ્માવતી આરાધના

— ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી
M. A; Ph. D. સાહિત્ય સાંખ્યયોગાચાર્ય

[ મંત્રવિદ્યાને જૈન ધર્મમાં સ્થાન છે. પણ મંત્રવાદીને માટે કેટલાંક પથ્યપાલન નક્કી થયેલાં છે, અને તે પ્રસિદ્ધ છે. તેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની આરાધના સાથે જ ધરણેંદ્ર કે પદ્માવતીની આરાધના થવી જોઈએ. મંત્રસાધનાથી જેનું કલ્યાણ કરવામાં આવે, તેની પાસે દક્ષિણા લેવી ન ઘટે. લેવી પડે, તો તેની શક્તિ મુજબ જ લેવી ઘટે. સામાન્ય રીતે જ્યાં સમ્યકત્વની હાનિ ન થાય અને વ્રતોમાં દોષ ન લાગે એવી ક્રિયા જૈન ધર્મી શ્રાવક સ્વીકારી શકે છે. જૈનાચાર્યોની મંત્રશક્તિનો ઇતિહાસ બહુ ઊજળો છે. આને માટે 'ભૈરવ પદ્માવતી કલ્પ' આદિ પુસ્તકો ઉપયોગી સામગ્રી ધરાવે છે. જૈન ઉપાસકો માટે નવ સ્મરણો મંત્રોની ગૂંથણીથી જ બનાવવામાં આવ્યાં છે. એક દેવીની કે દેવની સાધના ગુરુગમથી અને ખૂબ સાવધાનીથી સાધવી પડે છે. આથી સામાન્ય સાધકોએ 'નવ સ્મરણો'થી અને 'લઘુબૃહદ શાંતિ'થી જ સંતોષ માનવો જોઈએ. આ લેખમાં ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી પોતાના અભ્યાસ પ્રમાણે દુનિયાની મંત્રસાધનાની ભૂમિકા દર્શાવી પદ્માવતી આરાધનાનું મહત્ત્વ અને અનેક શૈલીઓનું વિસ્તારથી નિરૂપણ કરે છે. — સંપાદક ]

शैवे श्रियै, तथा बौद्धे तारायै, जिनशासने ।
पद्मावते जगन्मा सर्वदास्तु नमोनमः ।।

## ૧. માતૃશક્તિની વ્યાપકતા :

વિશ્વમાં જે રમણીય છે, શક્તિપૂર્ણ છે, સદાચરણ છે, સત્ય અને શિવ છે તે માતૃશક્તિનું જ રૂપ છે. મૂર્તિ, સ્થાપત્ય, ચિત્રકળા, સંગીત અને કાવ્ય આ બધાંમાં માતૃશક્તિનાં પ્રતીકોની પ્રધાનતા છે. મધ્ય એશિયાથી લઘુ એશિયા અને ગ્રીસ સુધીની પુરાતત્ત્વ સંબંધી ઉત્ખનનમાં મળેલી માતૃદેવીઓની અનંત મૃત્તિકાની મૂર્તિઓ આપણને તેની અપરિચિત સત્તાનો બોધ કરાવવા માટે પર્યાપ્ત છે. મનુષ્ય પોતાની જન્મદાત્રી માતાનાં માતૃત્વ પ્રત્યે કૃતજ્ઞ અને આસ્થાવાળો થાય એ સ્વાભાવિક પણ છે. એટલે એમ કહી શકાય છે કે, વિશ્વમાં મૂર્તિપૂજાનો આવિર્ભાવ સૌથી પહેલાં માતૃમૂર્તિથી જ થયો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાગૈતિહાસિક યુગથી માતૃપૂજાના વિવિધ સંકેતો પ્રસ્તરખંડ તૂટેલી મૂરતો કે શિલાઓ ઉપર કોતરેલાં ચિત્રો વડે અમે જોઈએ છીએ. માનવ જન્મ લેતાં જ માતાની ગોદમાં આવે છે, એટલે તેના હૃદય ઉપર માતૃચેતનાનો અમિટ પ્રભાવ પડે, એ સ્વાભાવિક છે; તેથી જ ઘરના રસોડાથી માંડી મંદિરના હવનકુંડ સુધી, ઘરની ઓરડીથી મંદિરના ગર્ભગૃહ સુધી અને શય્યાના સ્થાનથી સમાધિના નિઃસ્વન સ્થાન સુધી સર્વત્ર માતૃશક્તિનું આધિપત્ય જોવા મળે છે અને માનવી, માતાની શક્તિ સ્વીકારવામાં જરા પણ સંકોચ કરતો નથી. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઇશુ, વગેરે પ્રકાશપુત્રોને જન્મ આપનારી એક માત્ર માતા છે એમ તે માને છે, સ્વીકારે છે, માતાને પૂજનીય માને છે.

વિશ્વ ઈતિહાસમાં આપણે જોઈએ તો પ્રાચીન મિસ્ત્ર, મેસોપોટેમિયા, પ્રાચીન તથા મધ્યકાલીન યુરોપ, પ્રાચીન અને મધ્યયુગીન ચીન, જાપાન તથા મલાયા દ્વીપ-સમૂહમાં માતૃપૂજાના સંપ્રદાયો જોવામાં આવે છે અને ત્યાં જે દેવીઓ પૂજાય છે, તે ભારતીઓની માન્યતા પ્રમાણે જ ગણવામાં આવે છે. જેમ કે, બેબીલોનીયન સંસ્કૃતિમાં 'ઈશ્તર', સીરિયામાં 'અસ્ટર્ટિ' અને 'રાસશમરા', મોઆબમાં 'આશાર', દક્ષિણ અરબસ્તાનમાં 'આશ્તર', એબીસીનિયામાં 'આસ્તર', મિશ્રમાં 'આઇસિસ, નૂહ, સિબૂ અને હાથરદેવી' – જે ક્રમશઃ ગ્રીસ, ઈટાલી, સિસીલી તથા રોમમાં વ્યાપ્ત થઈ. ક્રીટમાં જીયસ-જનની 'રેઆ', ફ્રાયગિયા એશિયા માઇનોરના પશ્ચિમી કિનારા પર 'સાઇબેલ', લઘુ એશિયામાં 'મૌઁ' અથવા 'મોટ' નામની દેવી, બાબુલ અને એસિરિયામાં 'નિના, નના અથવા ઈનિન્ના', ઉત્તર આફ્રિકા અને ગ્રીસમાં 'તિયામત અને મિલિત્તા', ઈટલીમાં 'ફારચૂના, સેરેસદેની, ઇલામેતે – મૃત્યુદેવી, કુહતલી અને યુરોપમાં મધ્યયુગીન ઇસાઇ ઉપાસનાના રૂપમાં 'કુમારી મેરી' ઈત્યાદિ.

## ૨. માતૃપૂજાની પ્રાચીનતા :

એમ તો આસ્તિક જગતમાં માતૃપૂજાનો આરંભ સૃષ્ટિના આરંભથી જ માનવામાં આવે છે, છતાં યે આજનો બુદ્ધિજીવી માનવ ઐતિહાસિક પ્રમાણને સાચું માને છે. તેથી આ વિશે વિચાર કરવાને યોગ્ય લેખાશે. આજે સૌથી પ્રાચીન સંસ્કૃતિનાં ચિહ્નો આપણે મોહેં જો ડેરો અને હડપ્પામાં મળેલા અવશેષોમાં જોઈ શકીએ છીએ. કેમ કે પુરાતત્ત્વવેત્તાઓ કહે છે કે, આ અવશેષો ઇ. પૂ. ચાર હજાર વર્ષના છે અને ત્યાં પણ શક્તિવિગ્રહોના ખંડો મળ્યા છે. એક જૈન પુરાતત્ત્વવિદે તે સંગ્રહમાં જૈન સંસ્કૃતિના અવશેષો શોધી, જૈન સંસ્કૃતિ પણ એટલી જ પ્રાચીન છે, એમ સિદ્ધ કર-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાનો યત્ન કર્યો છે. બીજા વિદ્વાનો આ કાળ પછી જ વૈદિક સંસ્કૃતિનો કાળ માને છે. તે રીતે ઋગ્વેદમાં અદિતિ, સરસ્વતી, ઉષા, ઈડા, પૃથિવી વગેરે દેવીઓની પૂજા પ્રચલિત હતી એમ મનાય છે. તે પછી તો, માતૃઉપાસના આગળ વધી અને દ્રવિડ સંસ્કૃતિ, આર્યસંસ્કૃતિ, પુરાણ કાળ, વૈષ્ણવ ભક્તિ કાળ, સિદ્ધ તથા નાથ પરંપરા ઇત્યાદિના માધ્યમથી ભારતીય સભ્યતા અને ધર્મસાધનાના યુગોમાં વહેતી આજ સુધી અક્ષય રૂપે ચાલી આવે છે. કોઈ પણ ધર્મ કે સંપ્રદાય શક્તિપૂજાથી વિમુખ દેખાતો નથી., એ ખરેખર માતાની અનંત શક્તિનું જ પરિણામ છે.

### ૩. આધ્યાત્મિક પંચામૃત અને ઉપાસના :

માનવજીવનની સાર્થકતા સંસારના ક્ષણિક સુખોપભોગમાં તો નથી જ, એ સ્વયંસિદ્ધ છે. ભૌતિક સમૃદ્ધિના લાભ માટે અનંતાનંત યોનિઓ પછી મળેલા આ માનવદેહને પ્રેરે છે, તે ફરીથી ભવોભવના ફેરા ખાવાને ઇચ્છે છે. અધ્યાત્મજ્ઞાન ભણી આગળ વધી મોક્ષની કામના કરવી એ જ અભીષ્ટ છે. આપણા ઉદાર મહર્ષિઓએ ત્રિવિધ તાપ મિટાવવા અને મોક્ષ મેળવવા માટે આત્મચિંતનને સર્વ શ્રેષ્ઠ મહત્ત્વ આપ્યું છે. મોક્ષ એ બ્રહ્માંડરૂપી વૃક્ષના મથાળે પાકેલું અમૃતફળ છે. તેની પ્રાપ્તિ ઉપાસના બળથી સંપન્ન થયેલ માનવને જ થઈ શકે છે. ઉપાસના જ એક એવી કસોટી છે કે, જેની ઉપર માનવજીવનની સફળતા અને સત્તાનું પરીક્ષણ થઈ શકે છે, અને માનવી એ ઉપાસનાથી પોતામાં સત્ય, શિવ અને સુંદરતાનો અનુભવ કરે છે. ઉપાસના એવી એક એવી નિસરણી કહેવાય છે કે, જે ચઢીને પુરુષાર્થના ચરમ અને પરમ લક્ષ્યના શિખરે આરુઢ થઇને પરમ શાંતિ – પરમ નિર્વાણનો લાભ પ્રાપ્ત કરી શકે છે. જ્ઞાન જે આત્મસ્વરૂપની છેલ્લી અભિવ્યક્તિ લેખાય છે, તે ઉપાસના (સતત સાધના) વગર મળી શકે તેવું નથી. આધ્યાત્મિક ભૂમિકાના ધરાતલ પર ઝળહળતો આ નિર્વાણપ્રાપ્તિનો દીપ ઉપાસનાની જ્યોતિથી આલોકિત છે કે, જેનો ઉજ્જવળ પ્રકાશ કેવળ સ્વર્ગાદિ સુખને જ પમાડે છે એટલું જ નહિ, પણ તે અનંત તેજોમય મોક્ષસુખ સુધી પણ પહોંચાડી શકે છે.

ઉપાસના કાંડમાં મંત્ર, યંત્ર અને તંત્રની ત્રિવેણીનો સંગમ છે. તે ત્રિવેણીમાં સ્નાન કરવા ઇચ્છનારે પોતાની પાત્રતા યોગશાસ્ત્ર વડે મેળવવી જોઇએ. વળી આ ત્રિવેણીસ્નાનની સાર્થકતા ઉચિત સમયે ક્રિયાઓ વડે થાય છે. એટલે આ ઉપાસનાવિધિમાં સ્વરોદયની સહાયતા લેવી પડે છે. આમ મંત્ર, યંત્ર, તંત્ર, યોગ અને સ્વરોદય શાસ્ત્રમાંનું પંચામૃત પીએ છે, તે પોતાની જાતને વિવિધ તાપસંતાપથી છોડાવી આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણમાં પ્રવૃત્ત થાય છે, તેમાં સંશય નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ૪. જૈન ધર્મમાં માંત્રિક પ્રયોગોનો પ્રવેશ :

આધ્યાત્મિક ઉન્નતિ ચાહનારા વૈદિક, જૈન અને બૌદ્ધ એ ત્રણે સંપ્રદાયો મંત્રાદિ સાધનને સ્વીકારે છે. તેથી જ જૈન ધર્મમાં अर्हद्वक्त्रप्रसूतं गणधररचितं द्वादशांगं विशालम्‌ની અનુસાર દ્વાદશાંગીમાં બારમું અંગ દૃષ્ટિવાદ હતું. તેના પાંચ વિભાગમાંથી ત્રીજા વિભાગમાં આવેલાં ચૌદ પૂર્વોમાં દશમું પૂર્વ **વિદ્યાપ્રવાદ** નામનું હતું, જેમાં અનેક વિદ્યાઓ અને મંત્રો હતાં. એક જૈન શાસ્ત્રના પ્રામાણિક વિદ્વાનના કહેવા પ્રમાણે, જૈન ધર્મમાં એક લાખ યંત્રો અને એક લાખ તંત્રો છે. આ વાત સાચી લાગે છે. બીજા સંપ્રદાયો મુજબ જૈન સંપ્રદાયમાં પણ મંત્રાદિની સાધનાપ્રવૃત્તિ અનાદિ કાળથી ચાલી આવે છે; છતાં પણ, કેટલાક વિદ્વાનોની ધારણા એવી છે કે, જૈન ધર્મમાં શ્રી નેમિનાથજી પછી ત્રેવીસમા તીર્થંકર ભગવાન શ્રી પાર્શ્વનાથના સમયમાં અર્થાત્ ઈ. સ. પૂર્વે ૮૫૦ માં અન્ય પરંપરાઓ–વૈદિક, તાપસ અને નાસ્તિકવાદીઓની ચાલતી હતી અને પ્રાયઃ તાપસો જંતર, મંતર, ટુચકા કરતા હતા. વળી પંચાગ્નિતાપન, વૃક્ષની શાખા પર ઊલટા લટકી રહેવું, હાથ ઊંચા રાખીને ફરવું, લોખંડની ખીલીઓ ઉપર સૂવું, ટાઢમાં રાત્રે પાણીમાં રહેવું વગેરે ક્રિયાઓ કરી તાપસો સમાજને પોતા પ્રત્યે આકૃષ્ટ કરતા હતા. એટલે ભગવાનશ્રી પાર્શ્વનાથે આ બધી ક્રિયાઓને અનુચિત ગણી ધ્યાનને પ્રાધાન્ય આપ્યું હતું. ધ્યાનની વિવિધ ક્રિયાઓ કરી આત્મકલ્યાણ સાધવું અને અન્ય જીવોનું પણ કલ્યાણ આ રીતે સાધવું એમ ઉપદેશ આપ્યો. એટલે ધ્યાનમાર્ગથી ધીરે ધીરે પૂર્વ સંસ્કારવશ તે વખતના સાધુઓએ ઉપર્યુક્ત પાર્શ્વપરંપરા અને પ્રચલિત સાધુપરંપરાની વચ્ચે સંક્રમણકાળમાં રહેવાથી જૈન ધર્મમાં પણ મંત્રતંત્રને આશ્રય મળ્યો. પરિણામે અનેક ઉપાસનાઓ અને ક્રિયાકાંડો ચાલવા માંડ્યા. જો કે, તે પછી થયેલા ભગવાનશ્રી મહાવીરે તેનું પ્રત્યાખ્યન કર્યું.

બીજી રીતે જિનશાસનમાં પંચનમસ્કારની પ્રમુખતા તો આદિ કાળથી પ્રચલિત હતી જ. તેમાં પણ અવસર અને અવકાશ મળતાં જુદી જુદી ક્રિયાઓ થઈ. નમસ્કાર અંગે પ્રકાશિત થયેલા ગ્રંથો એ ક્રિયાકાંડ વિશે ઘણું જ્ઞાન આપે છે. નાનાથી માંડીને મોટા મોટા રોગો–ઉપદ્રવોને દૂર કરવા માટે અમુક બીજમંત્રો લગાડીને નમસ્કાર મંત્રના ચમત્કારિક પ્રયોગો પ્રગટ્યા. આમ ઉપાસના કાંડ જૈન મતમાં જીવંત હતો.

તો પણ, ઇતિહાસવિદોની આ વાત સાચી લાગે છે કે, શ્રી પાર્શ્વનાથ પ્રભુના સમયથી આ મંત્ર પ્રયોગોને વધારે પોષણ મળ્યું. કેમ કે, તે વખતે ગોરખનાથી સંપ્રદાય પણ કુંડલિની જાગરણની લાલસામાં હતો અને તે માટે હઠયોગની સાધનામાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મશગૂલ રહેતો હતો. તેમાંથી નિરાશ બનેલા સાધુઓએ આ ઉપાસનાનો રાજમાર્ગ સ્વીકાર્યો.

**૫. જૈન શાસન અને શક્તિપૂજા :**

'શક્તિ' શબ્દમાં 'શ' નો અર્થ ઐશ્વર્યવાચક છે અને 'ક્તિ'નો અર્થ પરાક્રમ થાય છે, જે તત્ત્વરૂપ ઐશ્વર્ય તેમ જ પરાક્રમને આપે તે શક્તિ કહેવાય છે, એમ શાસ્ત્રકારો કહે છે.

एश्वर्यवचनं शश्च 'क्ति' पराक्रम एव च।
तत्त्वस्वरुपां तयोर्दात्री सा शक्तिः परिकीर्तिता ॥

ઉપર આપણે માતૃશકિતની મહત્તા જોઇ ગયા છીએ. એટલે તેના આધારે વિશ્વમાં શક્તિની આરાધના પ્રવર્તે એ સત્ય છે. તેમ જ જૈન શાસ્ત્રમાં પણ ધ્યાન માર્ગથી પ્રસરેલી તાંત્રિક ઉપાસના ક્રમશઃ ચક્રેશ્વરી આદિ ચોવીશ દેવીઓની આરાધના, રોહિણી, પ્રજ્ઞપ્તિ આદિ સરસ્વતી વ્યૂહની સોળ દેવીઓની આરાધના સાથે આગળ વધી. પુરુષાદાનીય ભગવાન શ્રી પાર્શ્વનાથની શાસનદેવી અકિંચનૈકશરણા ભગવતીશ્રી પદ્માવતીની ઉપાસના ઉત્તરોત્તર ઉન્નત થઈ.

આવશ્યકતા જેમ જેમ વધે છે, તેમ તેમ આવિષ્કારો પણ વધવા માંડે છે. આ રીતે પૂર્વાચાર્યોએ આ વિષયનું મંથન ચાલુ રાખ્યું. શોધખોળ કરતાં આરાધનાના પ્રકારો મેળવી લીધા. ઉપાસકોએ માતા પદ્માવતીની કૃપાથી સિદ્ધિ પ્રાપ્ત કરી નવા નવા માર્ગો પ્રકટ કર્યા. નામ ભેદ હોવા છતાં બ્રહ્મવિદ્યા જે વૈદિક ધર્મમાં વ્યાપ્ત છે, તથા દેવીની ઉપાસના, જે દેવી બૌદ્ધોની આરાધ્યા છે, તેમ જ જૈન શાસનમાં શ્રી પદ્માવતી દેવીની ઉપાસના સર્વોપરી છે એમ અનુભવી જનો કહી ઊઠયા :

जैने पद्मावतीति त्वमशुभदलना त्वं च गौरीति शैवे,
तारा बौद्धागमे त्वं प्रकृतिरिति मता देवि, सांख्यागमे त्वम् ।
गायत्री भट्टमार्गे त्वमसि च विमले कौलिके त्वं च वज्रा,
व्याप्तं विश्वं त्वयेति स्फुरदुरुयशसे मेऽस्तु पद्मे नमस्ते ॥

વૈદિક ધર્મમાં 'શ્રીવિદ્યા' 'રાજ રાજેશ્વરી ત્રિપુરસુંદરી'ની વરિવસ્યા અંગે ઘણા ગ્રંથો લખાયા છે. અનેક પરંપરાઓનો લોપ થયા પછી પણ ભારતમાં વિશુદ્ધ બ્રહ્મ-વિદ્યાની નિર્મળ અને સરળ ઉપાસના એક માત્ર તેની જ ગણાય છે, કેમ કે, તેમાં વામાચારનો નિષેધ છે. જગદારાધ્યા માતાની કૃપાપ્રાપ્તિનું લક્ષ્ય જ સર્વોપરિ મનાય છે, તથા સંપૂજ્યકાનાં परिपालकानां ઇત્યાદિ પ્રાર્થના વડે જીવ માત્રના કલ્યાણની કામના નિત્ય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવે છે. તે જ પ્રમાણે પદ્માવતીજીની ઉપાસના પણ સાત્વિક છે, નિર્મળ અને સરળ છે, તથા શ્રીદેવીની ઉપદેવી તરીકે તારા દેવી અને પદ્માવતી દેવીની પૂજામાં પણ સામ્ય રહેલું છે, એટલે ઘણી વિગતો ઐક્ય ધરાવે છે. તેથી જૈન, અજૈન સર્વેમાં પદ્માવતીની પૂજા માન્ય છે.

**૬. આમ્નાયો દુર્લભ છે :**

ઉપાસના માર્ગ સરળ હોવા છતાં આરંભમાં ઘણું અઘરું છે. કેમ કે, પ્રથમ પ્રવેશકાળે 'દીક્ષા' આવશ્યક છે, પછી પ્રાતઃકાળથી સાયંકાળ સુધી પાળવાના ૮૪ નિયમો, જપ રહસ્યના ૩૧ ગુપ્ત પ્રકારો, ષટ્ચક્ર, શોધન, મંત્ર સિદ્ધિ માટે મંત્રશોધન, તત્ત્વ, સ્વાદ, મુદ્રા, આસન, મંડળ, પંચદેવ, ગ્રહ, નક્ષત્ર, તિથિ, ઋતુ અને મંત્રચૈતન્ય વગેરેનું જ્ઞાન આવશ્યક હોય છે. દરેક મંત્રનાં અંગો – કવચ, પંજર, હૃદય, અષ્ટોત્તર-શત નામ, અંગસ્તુતિ, મંત્ર, પુરશ્ચરણ પદ્ધતિ, સહસ્રનામ, અંગન્યાસ, કરન્યાસ, માહાત્મ્ય, સ્તવરાજ અને માળામંત્ર વગેરે જાણવા જરૂરી હોય છે, તેથી જ કહેવાય છે :

निर्बीजमक्षरं नास्ति नास्ति मूलमनौषधम् ।
निर्धना पृथिवी नास्ति आम्नायाः खलु दुर्लभाः ॥

– અક્ષરો બીજ (મંત્ર) વગરના નથી, જડો ઔષધગુણ વિનાની નથી, પૃથ્વી ધન વગરની નથી પણ તેમના આમ્નાયો (મેળવવાના પ્રકારો) દુર્લભ છે.

તાત્પર્ય એ છે કે, સાધકે સાધનમાર્ગમાં પ્રવિષ્ટ થયા પછી કેટલી સાવધાનીથી વર્તવું, તેનું માત્ર દિગ્દર્શન ઉપર લખેલી વાતોથી થાય છે. એમ તો માતાના શરણમાં ગયા પછી कुपुत्रो जायते क्वचिदपि कुमाता न भवति ના આધારે સર્વત્ર શાંતિ જ મળે છે. છતાં ય આટલું જરૂર ધ્યાનમાં રાખવું જોઈએ કે, જેમ બંદુકમાં દારૂ કે ગોળી મૂક્યા પછી તેને છોડતી વખતે તે છેક પાછળ પણ પ્રત્યાઘાત કરે છે, તેમ જ સાધનામાં આગળ વધવાની સાથે વિઘ્નો ઘણાં આવે છે.

**૭. પદ્માવતીની ઉપાસના :**

શ્રી મલ્લિષેણ વિરચિત 'પદ્માવતી કલ્પ'માં મંત્રોપાસકનાં ૨૩ લક્ષણો વર્ણવ્યાં છે. અનુષ્ઠાન કરતાં પહેલાં મંત્રોપાસકે ષટ્કર્મ [દીપન, પલ્લવ, સંપુટ, રોધ, ગ્રથન અને વિદર્ભ]નું જ્ઞાન કરી મંત્ર ચૈતન્ય કરવું જોઈએ. જેથી મહાત્મા તુલસીદાસના કથન પ્રમાણે –

मंत्र परम लघु जासु बस, विधि, हरि, हर, सुर सर्व ।
महामत्त गजराज कहँ बसकर अंकुश खर्व ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ જેમ મહામત્ત ગજરાજને નાનકડો અંકુશ વશમાં કરે છે, તેમ નાનકડો મંત્ર સિદ્ધ કરેલો હોય તો સર્વે દેવોને વશ કરે છે.

મંત્રમાં શક્તિ આવી જાય પછી, ગુરુકૃપાદૃષ્ટિ માર્ગથી સાધક ઉપાસનામાં પ્રવૃત્ત થાય. પોતાના ઈષ્ટદેવની પીઠોની યાત્રા કરે અને ગુરુ દ્વારા પ્રાપ્ત સૂત્રરૂપ ઉપાસનાના પથને પ્રશસ્ત કરવા માટે વિવિધ સાધકોની સોબત કરે અને પ્રકટ પૂજા–પ્રક્રિયાઓને જોઈ ગુરુ આજ્ઞાનુસાર આગળ વધે. ગુરુ અને શાસ્ત્ર બંનેના આદેશોની કોઈ પણ રીતે અવહેલના ન થાય તે માટે સાધક સાવધાન રહે.

સાધકની સિદ્ધિનાં ત્રણ લક્ષણો વિશેષરૂપે ધ્યાનમાં રાખવાં : ૧. દાતા, ૨. ભોક્તા, ૩. અયાચક વૃત્તિ. એટલે સાધક ઉદાર વૃત્તિથી દાન આપે, પોતે સારામાં સારી વસ્તુ માતાને અર્પણ કરીને ઉપયોગમાં લે અને કોઈની પાસેથી યાચના ન કરે. મનમાં સદા ભાવના કરે કે,

याचे न कञ्चन, न कञ्चन वञ्चयामि, सेवे न कञ्चन समस्तनिरस्तदैन्यः ।

श्लक्ष्णं वसे मधुरमद्मि भजे वरस्त्रीं, देवी हृदि स्फुरति मे कुलकामधेनुः ॥

હું કોઈની પાસે યાચના ન કરું, કોઈને છેતરું નહિ. સર્વ પ્રકારની દીનતાનો ત્યાગ કરી કોઈ બીજાની હું સેવા ન કરું, થોડાં પણ સારાં વસ્ત્રો ધારણ કરું, મધુર ભોજન ખાઉં અને ઉત્તમ સ્ત્રીને સેવું. કેમ કે, મારા હૃદયમાં મારી માતા કુટુંબની કામધેનુરૂપ નિવાસ કરે છે.

કોઈ ઉપસર્ગોથી ઉપાસક ભય પામે નહિ, તે બીજા દેવોને પણ માતાના સ્વરૂપમાં જ જુએ. સદા सर्वोपरि लोकेऽस्मिन् पश्याम्यम्बामिहैकरुपां ताम् । ‘આ લોકમાં સર્વોપરિ એકરૂપા માતાને જ હું જોઉં છું’ એમ ચિંતવે અને પોતાની બધી ક્રિયાઓ માતાને અર્પણ કરે.

### ૮. ઉપાસનાના વિવિધ પ્રકારો :

આમ્નાય અને સંપ્રદાય ભેદથી ઉપાસનાના પ્રકારભેદ થાય છે. શ્રી પદ્માવતીની ઉપાસના ગુજરાતમાં અમુક રીતે ચાલે છે, તો મારવાડમાં છેક વિશેષતા સાથે ઉપાસકો પ્રયોગ કરે છે. દક્ષિણમાં હોમ્બુન્નમાં પદ્માવતી મંદિરમાં પૂજાનો પ્રકાર જુદો જ દેખાય છે. ત્યાં માત્ર પ્રતિ પર્વ ઉપર રાજોપચારથી માતાજીની પૂજા થાય છે. તેમાં જે અભિષેક થાય છે, તેમાં જુદા જુદા મંત્રો વડે શ્રીફળનું જળ, કદલીફળ રસ, આમ્રફળ રસ, ઈક્ષુ રસ, દૂધ, દધિ, ગુડ, શર્કરા, ઘૃત, ઉષ્ણોદક, ગંધોદક, સુગંધ દ્રવ્યોદક ઇત્યાદિનો ઉપયોગ થાય છે, તેમ જ આવરણ પૂજા પણ વિધિસર થાય છે. માળવા અને બીજાં સ્થાનોએ આવેલાં પદ્માવતીનાં મંદિરોમાં તો કેવળ પ્રતિદિન સ્નાનાદિથી પૂજન થાય છે. ઘણા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાસકો કર્માનુસાર પુષ્પપૂજાને જ અગ્રસ્થાન આપે છે, એટલે આ વિશે કાંઈ નિર્ણયાત્મક કહી શકાય તેમ નથી.

અનંતકોટિ બ્રહ્માંડનાયિકા રાજરાજેશ્વરીની પૂજામાં અકિંચન માણસ શું અર્પણ કરી શકે?

मातः पद्मिनि ! पद्मरागरुचिरे पद्मप्रसूनानने
पद्मे पद्मवनस्थिते परिलसत्पद्माक्षि पद्मानने ।
पद्मामोदिनि पद्मकांतिवरदे पद्मप्रसूनार्चिते
पद्मोल्लासिनि, पद्मनाभिनिलये पद्मावति त्राहि माम् ॥

એક માત્ર પ્રાર્થના કરી માતાના ગુણગાનમાં સમય ગાળે.

કેટલાક તંત્રગ્રંથો જોવાથી પદ્માવતીની ઉપાસનાના પ્રકારો ક્ષુદ્ર ઉપદ્રવ, રોગ, શોક, દુઃખ, દારિદ્રય, ભૂતપ્રેત પિશાચાદિના ઉપદ્રવો, રાજકુળ અને મહામારી ઇત્યાદિની શાંતિ, સંગ્રામમાં વિજય, વશીકરણાદિ ષટ્કર્મો, પાપપ્રશમન, લક્ષ્મીપ્રાપ્તિ, શત્રુનાશ, પરવિદ્યા નિવારણ, અતિવૃષ્ટિ–અનાવૃષ્ટિ ઇત્યાદિના નિવારણ માટે અમુક બીજમંત્રો જોડીને કે અમુક પ્રકારનાં યંત્રો ધારણ કરીને ઉપયોગમાં લેવા માટેનું આજ્ઞા સાથે જોવા મળે છે. તેમાં (૧) ધરણેંદ્ર પદ્માવતી, (૨) રક્ત પદ્માવતી, (૩) હંસ પદ્માવતી, (૪) સરસ્વતી પદ્માવતી, (૫) શબરી પદ્માવતી, (૬) કામેશ્વરી પદ્માવતી, (૭) ભૈરવી પદ્માવતી, (૮) ભૈરવ પદ્માવતી, (૯) ત્રિપુરા પદ્માવતી, (૧૦) નિત્યા પદ્માવતી, (૧૧) પુષ્કર પદ્માવતી, (૧૨) સ્વપ્નસાધન પદ્માવતી, (૧૩) મહામોહિની પદ્માવતી, (૧૪) શૈવાગમોક્ત પદ્માવતી, (૧૫) મહાભૈરવી પદ્માવતી, (૧૬) વૃદ્ધરક્ત પદ્માવતીનાં કલ્પો, મંત્રો અથવા તો સાધનો મળે છે. અને એક બાજુ લૌકિક પ્રયોગોને અનુસુરતા અવતાર પ્રયોગો કે જેમાં માતાજીનું આવાહન કરી પોતાના ઇચ્છિત પ્રશ્નોના ઉત્તર માગવામાં આવે છે, એ પણ મળે છે. જેમાં (૧) પદ્માવતી કજ્જલાવતાર, (૨) પદ્માવતી ઘટાવતાર, (૩) પદ્માવતી દીપાવતાર, (૪) પદ્માવતી ખડ્ગાવતાર, (૫) પદ્માવતી નખદર્પણ (હાજરાત) ના પ્રયોગો મુખ્ય છે.

श्रीमद्गीर्वाणचक्र स्फुटमुकुटतटी ઇત્યાદિ શ્લોકથી આરંભ થતું મહાપ્રભાવિક પદ્માવતી સ્તોત્ર પદ્માવતીની ઉપાસના અંગે ઘણો જ પ્રકાશ પાડે તેવું છે. આમાં ગીર્વાણચક્ર યંત્ર, મત્સ્ય યંત્ર, કોપં વં ઝં" આદિ શ્લોકથી ઉદ્ધૃત રક્ષાકર યંત્ર 'ઐં ણું તાં શ્રીં શ્રી" બીજમંત્રોથી ભૂષિત મુકુટધારણ યંત્ર, દશમા શ્લોકથી ઉદ્ધૃત સંકલલોકવશીકરણ યંત્ર, ચતુર્મુખ યંત્ર, પદ્માવતી સ્થાપન યંત્ર, ત્રૈલોક્યમોહન યંત્ર વગેરે વર્ણવ્યાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે ઘણાં સિદ્ધ સ્તોત્રો બીજાં પણ મળે છે. તેમાં આચાર્યશ્રી અકલંકદેવ વિરચિત 'અષ્ટોત્તરશતનામાકમાલિકા : સ્તોત્રરત્ન' ઘણું જ પ્રભાવશાળી છે. તેના માત્ર અમુક પાઠો કરવાથી જ સિદ્ધિ મળે છે.

અંક યંત્રો જેમ કે, પંદરિયા, વીશા, પેંસઠિયા, અને બોંતેરિયાના આધારે પણ પદ્માવતીની આરાધના થાય છે. અને કેટલાક ઔષધપ્રયોગો – શ્વેતાર્ક, શ્વેતગુંજા, અપરાજિતા, રુદન્તી, મયૂરશિખા, સહદેવી, શિયાળશંગી અને માર્જારી વડે પદ્માવતી ગાયત્રી અને બીજા મંત્રો વડે કરે છે.

પાર્શ્વનાથ ભગવાનની શાસનદેવી હોવાને લીધે (૧) કલિકુંડ પાર્શ્વનાથ, (૨) ધરણેંદ્ર પાર્શ્વનાથ, (૩) શીઘ્ર સંપત્તિકર પાર્શ્વનાથ, (૪) જીરાઉલી પાર્શ્વનાથ, (૫) સ્તંભન પાર્શ્વનાથ (૬) વશ્યકર, (૭) પુત્રકર, (૮) જગદ્દવલ્લભ, (૯) સર્વકાર્યકર, (૧૦) સંતિકર, (૧૧) વિષપહાર અને (૧૨) વાદવિજયકર પાર્શ્વનાથની સાથે પણ પદ્માવતીની આરાધના થાય છે.

**૯. ઉપસંહાર :**

આ પૃથ્વી ઉપર કલ્પવૃક્ષ છે, ચિંતામણિ છે અને કામધેનુ પણ છે, કિંતુ તે બધાં ભાગ્ય વગર મળતાં નથી. એટલે સાચા મનથી ગુરુ તથા ઈશ્વર પ્રત્યે નિષ્ઠા રાખી ઇષ્ટ વસ્તુ મેળવવાના પ્રયત્નો કરવા જોઈએ. મળ્યા પછી સદુપયોગ થાય, તે માટે સાવધાની રાખવી જોઈએ અને અહર્નિશ આત્મકલ્યાણ તથા જગતના કલ્યાણમાં મતિ કરવી એ સાધકનાં લક્ષણ છે. કેમ કે, માતાના શરણમાં ગયા પછી કાંઈ બાકી રહેતું નથી. તે પોતાના ભક્તને –

ददातीष्टान् योगान् क्षपयति रिपून् हन्ति विपदो,
दहत्याधीन् व्याधीन् शमयति, सुखानि प्रतनुते ।
हठादन्तर्दुःखं दलयति पिनष्टीष्ट विरहं,
सकृद्ध्याता देवी किमिति निरवद्यं न कुरुते ॥

– ઇષ્ટ ભોગની વસ્તુઓ આપે છે, શત્રુઓને નષ્ટ કરે છે, વિપત્તિઓને તે (દેવી) દૂર કરે છે, માનસિક ચિંતાઓને બાળી નાખે છે, રોગોને શમાવે છે, સુખોને વિસ્તારે છે, અંતરનાં દુઃખોને હઠપૂર્વક હણે છે, ઇષ્ટ વિરહને પીસી નાખે છે એટલે આ જગતમાં એવી કઈ વસ્તુ છે કે, જેને એક વાર ભક્તિપૂર્વક ધ્યાન કરવામાં આવેલાં દેવી આપતાં નથી ?

■ ■ ■



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org